યા દેવી સર્વભૂતેષુ શ્રદ્ધા રૂપેણ સંસ્થિતામ્, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯૬ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૭, સોમવાર ; આસો સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### એનડી તિવારીને બ્રેઈન સ્ટ્રોક

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી એનડી તિવારીને બ્રેઈન સ્ટ્રોક બાદ દિલ્હીના મેક્સ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. બ્રેઈન સ્ટ્રોકના કારણે તેમનુ અડધુ શરીર લકવાગ્રસ્ત થઈ ગયુ છે.

### પાકે. અરબ સાગરમાં મિસાઈલ છોડી

ચીન સાથે ચાલી રહેલા સંયુક્ત અભ્યાસની વચ્ચે પાકિસ્તાને કહ્યુ છે કે તેણે ઉત્તરી અરબ સાગરમાં એક સી કિંગ હેલીકોપ્ટરથી જહાજ ભેદી મિસાઈલ છોડવાનું સફળ પરિક્ષણ કર્યુ છે. પાકના નૌસેના પ્રમુખ એડમિરલ મુહમ્મદ ઝકાઉલ્લાહ તેના સાક્ષી બન્યા હતા.

### તો મુલાયમ બનાવશે નવી પાર્ટી

મુલાયમસિંહ યાદવ સોમવારે લખનઉમાં નવી પાર્ટી બનાવવાની જાહેરાત કરી શકે છે. કહેવાય છે કે જો અખિલેશ યાદવ સાથે કોઈ સમાધાન નહી થાય તો મુલાયમસિંહ યાદવ અખિલ ભારતીય સમાજપાર્ટી પાર્ટીના નામે નવી પાર્ટી બનાવી શકે છે.

### છત્તીસગઢમાં માલગાડીનું એન્જીન અને ડબ્બા પાટા પરથી ઉતાર્યા

છત્તીસગઢના બિલાસપુર જિલ્લામાં શનિવારે એક માલગાડી એન્જીન અને ત્રણ ડબ્બાઓ પાટા પરથી ઉતરી ગયા. આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

# દેશના વિકાસમાં દરેક નાગરિક ભાગીદાર બને : મોદી

**મન કી બાતમાં અનેક મુદ્દાઓ ઉઠાવ્યા : સ્વચ્છતા અભિયાનમાં મિડિયાની ભૂમિકા વધી છે : ખાદીના વેચાણમાં હવે નોંધપાત્ર વધારો થયો છે : મોદી**



નવીદિલ્હી, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં અનેક મુદ્દા ઉપર ફરી એકવાર વિસ્તારપૂર્વક વાત કરી હતી. મોદીએ સ્વચ્છતા, ખાદી સહિતના મુદ્દા ઉપર વાત કરી હતી. ઓક્ટોબર મહિનાના મહત્વની પણ વાત કરી હતી. મન કી બાત કાર્યક્રમને ત્રણ વર્ષનો ગાળો પૂર્ણ થઈ ગયો છે. ૩૬માં એપિસોડમાં મન કી બાતમાં મોદીએ જુદા જુદા વિષયો ઉપર પોતાના અભિપ્રાય આપ્યા હતા. મોદીના કહેવા મુજબ મન કી બાતના પરિણામ સ્વરુપે સરકાર વધારે સંવેદનશીલ બની ગઈ છે. સમગ્ર દેશના લોકો સાથે જોડાઈ જવાની તેમને અસામાન્ય તક મળી છે. મોદીએ કહ્યું હતું કે, આ એક એવા મંચ તરીકે છે જ્યાંથી લોકોના અભિપ્રાય, તેમના મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. દેશના લોકો રચનાત્મકરીતે અભિપ્રાય આપી રહ્યા છે. ભારતીયોની તાકાતને દર્શાવવા માટે પણ આ એક મંચ તરીકે છે. મોદીએ ઉમેર્યું હતું કે, સ્વચ્છતા હી સેવા મુવમેન્ટને જે રીતે

● અનુસંધાન પાન-૭ પર

# હવે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો થશે

**અમેરિકી વાવાઝોડાના કારણે કિંમતો વધી હતી : નિષ્ણાતોનો દાવો : વિશ્વના બજારમાં પેટ્રોલિયમ પેદાશોની કિંમતો વધી ગઈ હતી : પેટ્રોલિયમ પેદાશો ચાર્જ અને વેટમાં વધારો થયો**

નવીદિલ્હી, તા. ૨૪

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં હાલમાં જ જોરદાર વધારો થયો છે. આના માટે જુદા જુદા કારણોને મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં વધારો થવાના કારણે નહીં બલ્કે અમેરિકામાં ફુંકાયેલા વિનાશકારી વાવાઝોડાના કારણે પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં તીવ્ર વધારો થયો છે.

પેટ્રોલિયમ ક્ષેત્રના નિષ્ણાતો આ અંગેની વાત નિખલાસ પણે કબૂલે છે. નિષ્ણાતોનું કહેવું છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થિતિ સામાન્ય થવાની સાથે જ પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં ઘટાડાનો દોર શરૂ થશે. જાણકાર લોકોના કહેવા મુજબ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમત છેલ્લા કેટલાક સમયથી ૫૦-૫૫ ડોલરની સપાટીએ છે જે ક્રૂડ ઓઈલની દ્રષ્ટિએ તેની કિંમત કરતા વધારે છે. દેશમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતો દોઢ મહિનામાં ઉલ્લેખનીય વધારો થયો છે. અમેરિકામાં ફુંકાયેલા વાવાઝોડાને આના માટે મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. અમેરિકામાં હોસ્ટન, ટેક્સાસમાં પહેલા હેરી વાવાઝોડું ફુંકાયું હતું ત્યારબાદ સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ફ્લોરિડામાં ઈરમા વાવાઝોડુ આવ્યું હતું જેના કારણે અભૂતપૂર્વ નુકસાન થયું હતું. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના પૂર્વ ચેરમેન આરએસ બુટોલાનું કહેવું છે કે, અમેરિકામાં આવેલા વાવાઝોડાના કારણે ત્યાં રિફાઈનરી ઉત્પાદન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. અમેરિકામાં આશરે બે કરોડ બેરલ પ્રતિદિન ઉત્પાદન ક્ષમતાની રિફાઈનરીઓ આવેલી છે. આમાથી સ્થાનિક વપરાશની સાથે સાથે પેટ્રોલિયમ પેદાશોની નિકાસ પણ કરવામાં આવે છે. વાવાઝોડાના કારણે આમાથી ૩૦થી ૪૦ લાખ ટન ઉત્પાદન ક્ષમતા ઘટી ગઈ હતી. જાણકાર લોકોનું કહેવું છે કે, ડોલર-રૂપિયાના દરે ગેલન-પ્રતિલીટરના હિસાબે ભારે ઉથલપાથલની સ્થિતિ સર્જાઈ હતી.

# બીએચયુમાં હિંસા બાદ વિસ્ફોટક સ્થિતિ

**મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગંભીર નોંધ લીધી : સંબંધિત અધિકારીઓ સામે કાર્યવાહી થઇ શકે : આગ, પથ્થરમારાના બનાવ : અનેક ઘાયલ**

વારાણસી, તા. ૨૪

યુનિવર્સિટીની વિદ્યાર્થીની સાથે છેડતી બાદ છેલ્લા ત્રણ દિવસથી વારાણસી હિન્દુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ફરી એકવાર ભારે હોબાળો મચાવી રહ્યા છે. આ સંદર્ભમાં હવે યોગી સરકારે ગંભીર નોંધ લીધી છે અને રિપોર્ટની માંગ કરી છે. આને લઈને વિદ્યાર્થીઓ ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. આજે રવિવારના દિવસે પણ કેટલીક જગ્યાઓએ ઝપાઝપીના બનાવો બન્યા હતા. વારાણસી હિન્દુ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીની સાથે છેડતીના વિરોધમાં બે દિવસના ધરણા પ્રદર્શન બાદ શનિવારે રાત્રે વિદ્યાર્થીઓએ આક્રમક બનીને દેખાવો કર્યા હતા. સ્થિતિ વણસી જતાં યુનિવર્સિટીને બીજી ઓક્ટોબર સુધી બંધ કરીદેવાનો આદેશ જારી કરાયો છે. શનિવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ વિદ્યાર્થીઓ કુલપતિ જીસી ત્રિપાઠીના આવાસ ઉપર પહોંચીને દેખાવો કરવા લાગ્યા હતા. તેમને દૂર કરવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. નારાજ વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો હતો. આ બનાવમાં અનેક વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીના સુરક્ષા ગાર્ડને ઈજા થઈ

● અનુસંધાન પાન-૭ પર



# બાંગ્લાદેશમાં રોહિંગ્યા શરણાર્થીઓ પર મોબાઈલ ફોનનો પ્રતિબંધ મૂકાયો

**સુરક્ષા કારણોસર નિર્ણય કરવામાં આવ્યો : બાંગ્લાદેશમાં મોટી સંખ્યામાં રોહિંગ્યા શરણાર્થી પહોંચી ગયા બાદ ચિંતામાં વધારો : ટેલિકોમ સર્વિસને સૂચનાઓ**

ઢાકા, તા. ૨૪

બાંગ્લાદેશે રોહિંગ્યા શરણાર્થીઓને મોબાઈલ ફોન કનેકશન ન વેચવા ટેલિકોમ કંપનીઓને સ્પષ્ટ સૂચના આપી દીધી છે. રોહિંગ્યા શરણાર્થીઓ ઉપર મોબાઈલ ફોન પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. નવેસરના નિયંત્રણો માટે સુરક્ષા કારણોને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. બાંગ્લાદેશમાં ચાર મોબાઈલ ફોન કંપનીઓને સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે, રોહિંગ્યા શરણાર્થીઓને ફોન આપવાની સ્થિતિમાં જંગી દંડ કરવામાં આવશે. બાંગ્લાદેશમાં ૪૩૦૦૦૦ શરણાર્થીઓ પહોંચી ગયા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, થોડાક સમય સુધી રોહિંગ્યા લોકો સિમ કાર્ડની પણ ખરીદી કરી શકશે નહીં. ટેલિકોમ મંત્રાલયમાં રહેલા એક અધિકારીનું કહેવું છે કે, મુસ્લિમ લઘુમતિઓ ઉપર દૂર સંચાર પ્રતિબંધ લાગૂ કરવાનો નિર્ણય સુરક્ષાના કારણોને ધ્યાનમાં લઈને લેવામાં આવ્યો છે. બાંગ્લાદેશે પહેલાથી જ તેના પોતાના નાગરિકો જે એવા છે જે સત્તાવાર ઓળખ ધરાવતા નથી તેમને પણ સિમ કાર્ડ નહીં વેચવાનો નિર્ણય કર્યો છે. બાંગ્લાદેશમાં ત્રાસવાદીઓ રોહિંગ્યા શરણાર્થીઓની મદદ લઈ શકે છે તેવી દહેશત રહેલી છે.

# આજે અમેરિકી સંરક્ષણ મંત્રી ભારત પહોંચશે

વોશિંગ્ટન, તા. ૨૪

અમેરિકી સંરક્ષણ મંત્રી જેમ્સ મેટિસ આવતીકાલે ભારત પહોંચી રહ્યા છે. જેમ્સ મેટિસ પોતાની ભારત યાત્રામાં ભારત-અમેરિકા સંરક્ષણ સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે પ્રયાસ કરનાર છે. એમ માનવામાં આવે છે કે, ભારતમાં મેટિસની યાત્રા દરમિયાન ફાઈટર જેટ એફ-૧૬, ડ્રોન ડિલ ઉપરાંત અફઘાનિસ્તાનને લઈને સુરક્ષા પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. સેના અને અર્થ વ્યવસ્થા બંને સંદર્ભમાં એક મજબૂત ભારતને અમેરિકાના રાષ્ટ્રીય હિતમાં માનનાર મેટિસ વડાપ્રધાન મોદી સાથે પણ વાતચીત કરનાર છે.

મેટિસ સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ સાથે પણ વાત કરશે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા બાદ બનાયેલી કેબિનેટ સ્તરની પ્રથમ ભારત યાત્રા ઉપર તેઓ ભારતમાં તેઓ પહોંચી રહ્યા છે. લશ્કરી સંબંધોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

# આધાર નોંધણી સેન્ટર પર ખાતાધારકોનો ભારે ધસારો

**૩૦મી સપ્ટેમ્બર અંતિમ તારીખ હોવાથી આધાર નોંધણી સેન્ટરો શરૂ કરવા માટે યુનિક આઈડી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના આદેશ બાદ બેંકો સક્રિય**

બેંગ્લોર, તા. ૨૪

યુનિક આઈડી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (યુઆઈડીએઆઈ) દ્વારા તમામ બેંકોને આધાર નોંધણી માટે સૂચના આપી દીધી છે. ૩૦મી સપ્ટેમ્બર સુધી સેન્ટરો ઉપર જાણ કરવા માટે કહેવામાં આવી ચુક્યું છે. આવી સ્થિતિમાં આધાર સેન્ટરો ઉપર જોરદાર ધસારો જોવા મળી રહ્યો છે. ૩૦મી સપ્ટેમ્બરની તારીખ બિલકુલ નજીક આવી રહી છે. આવી સ્થિતિમાં બેંકોમાં પણ ધસારો જોવા મળી રહ્યો છે. બેંકો માટે જારી કરવામાં આવેલા પરિપત્રમાં યુનિક આઈડી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે, સમય મર્યાદા પહેલા બેંક દ્વારા દરેક એક સેન્ટર નહીં ખોલવા બદલ દર મહિને ૨૦૦૦૦ રૂપિયાનો દંડ લાગૂ કરવામાં આવશે. અગાઉ યુનિક આઈડી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ૩૦મી ઓગસ્ટ સુધી આધાર નોંધણી સેન્ટરો શરૂ કરવા માટે બેંકોને કહ્યું હતું. જો કે, બેંકો તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તેમને વધારે સમયની જરૂર છે. કારણ કે, બાયોમેટ્રિક સાધનોના સોર્સની પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે. હવે ઓથોરાઈઝ્ડ એજન્સીઓની શોધખોળ થઈ રહી

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં ભાજપની કારોબારીનો આરંભ

નવીદિલ્હી તા. ૨૪

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બે દિવસીય બેઠક આજે શરૂ થઈ હતી. ભાજપ પ્રમુખ અમિત શાહના સંબોધન સાથે આની શરૂઆત થઈ હતી. રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં લોકસભા ચૂંટણીની રણનીતિ ઉપર ચર્ચા થઈ રહી છે. વર્ષ ૨૦૧૯માં યોજાનારી યોજાનારી લોકસભાની ચૂંટણીમાં હજુ અઢી વર્ષનો ગાળો છે ત્યારે ભાજપ પહેલાથી જ તમામ તૈયારીઓમાં વ્યસ્ત છે જેથી પાર્ટીએ તમામ સાંસદો, ધારાસભ્યો, કોર્પોરેટરો અને પ્રદેશ એકમોના અધ્યક્ષોને બોલાવ્યા છે. ભાજપના સુત્રોએ કહ્યું છે કે, ૨૫મી સપ્ટેમ્બરના દિવસે એટલે કે આવતીકાલે વડાપ્રધાન મોદી સંબોધન કરનાર છે. તેઓ કેટલાક રાજ્યોમાં થનારી વિધાનસભા ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની દિશા પણ નક્કી કરશે. સુત્રોએ કહ્યું છે કે, બેઠક દરમિયાન રાજકીય ઠરાવ પસાર કરવામાં આવશે જેમાં રોહિંગ્યા મુસ્લિમોના મુદ્દા ઉપર કોઈ ખાસ વાત કરવામાં આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. રાજકીય પ્રસ્તાવ તૈયાર કરવાની જવાબદારી રામમાધવ અને વિનયને સોંપવામાં આવી છે.




